EDI

Sandesh

April 30, 2016
Page No. 4
Of City Life

# ચાઇનીઝ સ્ટુડન્ટ્સે રજૂ કર્યું 'ગંડુ રાજા' નાટક



**સ્ટુડન્ટ્સે વેલિડિક્ટરી ફંક્શનમાં બોલિવૂડ સોંગ્સ પર ડાન્સ પણ રજૂ કર્યા**



અમદાવાદ : ૨૯ એપ્રિલ ૨૦૧૬

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયામાં ચીનથી સ્ટુડન્ટ્સ ખાસ હિન્દી પ્રોગ્રામ માટે આવે છે. અહીં તેઓ બિઝનેસના ફંડા હિન્દીમાં શીખે છે. પ્રોગ્રામના અંતે તેમના વેલિડિક્ટરી પ્રોગ્રામનું આયોજન કરાયું હતું. જેમાં ચાઈનીઝ સ્ટુડન્ટ્સે 'અંધેરી નગરીના ગંડુ રાજા' પર નાટક રજૂ કર્યું હતું. સાથે જ તેમણે બોલિવૂડના સોંગ્સ પર ડાન્સ પણ કર્યો હતો. પોતાની મીઠી મધુર યાદોને સાથે પોતાના દેશમાં લઈ જતા તેમણે 'ચલતે ચલતે મેરે ગીત યાદ રખના, કભી અલવિદા ના કહેના' ગ્રૂપમાં સોંગ્સ રજૂ કર્યું હતું.